## કોંગ્રેસ દરિયાઈ તાકાત સમજી ના શકીઃ નરેન્દ્ર મોદી

**ઘોઘા-દહેજ ફેરી સર્વિસ**

# દરિયાખેડુ ગુજરાતી પ્રજાને જળમાર્ગની ભેટ

ભાવનગર, તા.૨૨

વડાપ્રધાન બન્યા બાદ પ્રથમ વખત આજે ભાવનગર જિલ્લાની મુલાકાતે આવેલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઘોઘા-દહેજ રો-રો પેસેન્જર સર્વિસનું લોકાર્પણ કરી તેમાં ભાવનગરના દિવ્યાંગ બાળકો સાથે ઘોઘાથી દહેજ સુધીની સફરનો પ્રારંભ કર્યો હતો.

## રૂ.૬૫૦ કરોડના ખર્ચે દ.એશિયાની સૌથી મોટી ઘોઘા-દહેજ પેસેન્જર સર્વિસનું વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ

### ઘોઘાથી દિવ્યાંગ બાળકો સાથે દહેજ સુધી મોદીની સફર

### ભૂતકાળની સરકારોએ દરિયાની તાકાત ઓળખી હોત તો સ્થળાંતર ન થયું હોત

### સૌરાષ્ટ્રથી દ.ગુજરાતની સફર હવે વધુ સરળ બનશે

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને દરિયાઈ માર્ગે જોડતા આ પ્રોજેક્ટનું ઘોઘા ખાતે આયોજિત સમારોહમાં આજે સવારે લોકાર્પણ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કોંગ્રેસનો નામોલ્લેખ કર્યા વગર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, જો ભૂતકાળની સરકારોએ દરિયાની તાકાત ઓળખી હોત તો સૌરાષ્ટ્ર-કચ્છમાંથી લોકોને સ્થળાંતર ન કરવું પડ્યું હોત. એટલું જ નહીં, શહેરોમાં જુગ્ગી ઝોપડીઓમાં જીવન જીવવા મજબૂર ન થવું પડ્યું હોત. અગાઉની સરકારોમાં પોર્ટ સેક્ટર સાવ ઉપેક્ષિત રહ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ઘોઘા-દહેજ વચ્ચે ફેરી સર્વિસ શરૂ થવાની છે તેવી વાત શાળાના અભ્યાસ દરમિયાન સાંભળી હતી. કદાચ ત્યારે બળવંતરાય મહેતા મુખ્યમંત્રી હશે. પરંતુ સરકારો તો આવીને ગઈ, ભાવનગરમાંથી પણ અડીખમ નેતાઓ આવીને ગયા, પરંતુ સારા કામ બધા મારા નસીબે લખાયેલા છે.

(અનુસંધાન ૧૧મે પાને)

## હજીરા, પીપાવાવ, જાફરાબાદ, દીવ-દમણ ફેરી સર્વિસ સાથે જોડાશે

ભાવનગર જિલ્લાના ઘોઘાથી દહેજ વચ્ચેની રોરો ફેરી સર્વિસનું લોકાર્પણ કરી ફેરી બોટ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દહેજ આવી પહોંચ્યા બાદ જનસભાને સંબોધતા કહ્યું હતું કે દહેજ એ લઘુભારત છે. જળ પરિવહન વિકસાવવા હજીરા, પીપાવાવ, જાફરાબાદ, દમણ અને દિવને પણ ફેરી સર્વિસ સાથે જોડવામાં આવશે.

દહેજ એક પ્રકારે લઘુ ભારત છે. હિન્દુસ્તાનના તમામ રાજયના લોકો રોજગારી માટે અહીં આવે છે. સરદાર અને

(અનુસંધાન ૧૧મે પાને)

### દહેજ લઘુ ભારત છે, ૨૧મી સદી સમુદ્રની રહેશે

## રો-રો ફેરી સર્વિસનો લાભ ઉઠાવવા માટે કનેક્ટિવિટી જરૂરી

દહેજથી ઘોઘા વચ્ચેની રો-રો ફેરીનો આજે શુભારંભ થયો છે. જોકે સત્તાવાર રીતે આ ફેરી લાભપાંચમથી શરૂ થશે. પ્રાથમિક તબક્કામાં આ ફેરી માત્ર પેસેન્જર્સ માટે શરૂ કરાઈ છે. અને સમય વીતતા વાહનોના પરિવહન માટે પણ શરૂ કરાશે.પ્રાથમિક તબક્કામાં મુસાફરો માટે કનેકટીવીટીનો પ્રશ્ન મુંઝવણભર્યો છે. ભરૂચથી ભાવનગર જનાર લોકો માટે બંદર પર કે જ્યાં સ્ટીમર તેઓને ઉતારશે ત્યાંથી વડામથક અથવા તો જ્યાંથી વાહનો સહેલાઈથી મળી શકે તેવા સ્થળે પહોંચાડવા કયા પ્રકારની વ્યવસ્થા થઈ છે તેની સ્પષ્ટતા હાલ સુધી થઈ નથી. જોકે મળતી વિગતો અનુસાર ઘોઘા અને દહેજ બંને બંદરો ખાતેથી મુસાફરોને વડામથકે પહોંચાડવા બસ અથવા તો અન્ય વાહનની વ્યવસ્થા ઉભી કરાશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઘોઘા દહેજ ફેરીનું ઉદ્ઘાટન કર્યું હતું. ઉદ્ઘાટન કર્યાની સાથે તેમણે ફેરીમાં વિકલાંગ બાળકો સાથે પ્રવાસ પણ માણ્યો હતો. વડાપ્રધાને સમુદ્રમાં ભાવપૂર્વક